Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 6
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 131
Roll No. : ____________

---

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 39)

1. ચંદ્રગુપ્તની તમામ સિદ્ધિઓમાં તેમના ક્યા ગુરુના માર્ગદર્શને ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો?
   A. ગુરૂ દ્રોણના
   B. ગુરૂ સાંદીપનિના
   C. ગુરૂ ચાણક્યના
   D. ગુરૂ વિશ્વામિત્રના
2. ચાણક્ય દ્વારા લખાયેલા ક્યા ગ્રંથમાંથી તે સમયની રાજકીય,સામાજિક અને આર્થિક વ્યવસ્થા અંગેની માહિતી મળી રહે છે?
   A. નીતિશાસ્ત્ર B. સમાજશાસ્ત્ર C. મુદ્રારાક્ષસ D. અર્થશાસ્ત્ર
3. બિંદુસારે અશોકની કયા પ્રાંતના રાષ્ટ્રીય તરીકે નિમણૂક કરી હતી ?
   A. અવંતિ B. તક્ષશિલા C. પાટલિપુત્ર D. ઉજ્જૈન
4. અશોકે સંઘમિત્રાને બૌદ્ધધર્મના પ્રચાર માટે ક્યાં મોકલ્યાં હતાં ?
   A. સિરિયા B. સિલોન C. મ્યાનમાર D. ઇજિપ્ત
5. અશોકના મોટા ભાગના અભિલેખોની ભાષા કઈ હતી ?
   A. ઈરાની B. પાલિ C. પ્રાકૃત D. બ્રાહ્મી
6. ચંદ્રગુપ્ત મોર્યનો શાસન કાળ જણાવો.
   A. ઈ. સ. પૂર્વે 321થી ઈ. સ. પૂર્વે 297
   B. ઈ. સ. પૂર્વે 273થી ઈ. સ. પૂર્વે 232
   C. ઈ. સ. પૂર્વે 232થી ઈ. સ. પૂર્વે 219
   D. ઈ. સ. પૂર્વે 297થી ઈ. સ. પૂર્વે 273
7. મોર્યવંશની જાણકારી મેળવવામાં કયો ઓનો સમાવેશ થતો નથી ?
   A. 'અર્થશાસ્ત્ર'નો B. 'ઇન્ડિકા'નો C. 'મેઘદૂત'નો D. 'મુદ્રારાક્ષસ'નો
8. ચંદ્રગુપ્ત મૌર્ય કયા ગ્રીક રાજાને પરાજય આપ્યો હતો?
   A. સિકંદરને B. મેગેસ્થનિસને C. સેલ્યુક્સને D. ફિલિપને
9. ચાણક્ય ક્યા ગોત્રના હતા?
   A. ભારદ્વાજ B. કૌટિલ્ય C. વરૂણ D. અત્રિ
10. ચંદ્રગુપ્તના રાજદરબારમાં કયો ગ્રીક રાજદૂત આવ્યો હતો ?
    A. નિકેતર B. સિકંદર C. મૅગેસ્થનિસ D. યુઆન શવાંગ
11. મૅગેસ્થનિસના કયા ગ્રંથમાંથી મગધ સામ્રાજ્યની આધારભૂત જાણકારી મળે છે ?
    A. દીપવંશમાંથી B. મહાવંશમાંથી C. ઇન્ડિકામાંથી D. અર્થશાસ્ત્રમાંથી
12. ચંદ્રગુપ્ત મૌર્યે ગિરિનગર(જૂનાગઢ)ના રાષ્ટ્રીય (રાજ્યપાલ) તરીકે કોની નિમણૂક કરી હતી ?
    A. વિષ્ણુગુપ્તની B. પુષ્યગુપ્તની C. બિંદુસારની D. સુશીમની
13. ગિરિનગર(જૂનાગઢ)માં પુષ્પગુપ્તે કયા તળાવનું નિર્માણ કરાવ્યું હતું?
    A. મલાવ તળાવનું
    B. સુદર્શન તળાવનું
    C. સહસ્ત્રલિંગ તળાવનું
    D. મુનસર તળાવનું

BHAVDIP VADHER

14. ચંદ્રગુપ્તે જીવનનો અંતિમ સમય કયા જૈનમુનિ સાથે વિતાવ્યો હતો?
A. મેરુતંગચાર્ય B. શિલગુણસુરી C. ભદ્રબાહુ D. બુદ્ધિસાગર

15. ચંદ્રગુપ્ત મૌર્યે તેનો અંતિમ સમય કયા સ્થળે વિતાવ્યો હતો ?
A. વૈશાલી B. પાટલિપુત્ર C. કંદહાર D. શ્રવણ બેલગોડા

16. મુદ્રારાક્ષસ' નાટકનું સર્જન કોણે કર્યું હતું ?
A. ક્લ્હણે B. વિશાખદત્તે C. કૌટિલ્ય D. પાણિનિએ

17. એશિયા ખંડનો સૌથી જૂનો અને લાંબો રોડ ક્યો છે?
A. ગ્રાન્ડ ટ્રંક રોડ
B. કોલકાતાથી આગરાનો રોડ
C. દિલ્હીથી મુંબઈનો રોડ
D. કોલકાતાથી દિલ્લીનો રોડ

18. ' ગ્રાન્ડ ટ્રક રોડ'નું બીજી વખત કોણે નિર્માણ કરાવ્યું હતું ?
A. અશોકે B. બિંદુસારે C. શેરશાહ સૂરીએ D. અકબરે

19. બિંદુસારે અવંતિના રાષ્ટ્રીય (રાજ્યપાલ) તરીકે કોની નિમણુક કરી હતી ?
A. સુશીમની B. પુષ્યગુપ્તની C. અશોકની D. ઉપગુપ્તની

20. અશોકે ક્યા બોદ્ધ સાધુના ઉપદેશથી બૌદ્ધ શાસ્ત્રોનું શરણું લીધું ?
A. ગૌતમ બુદ્ધના
B. ઉપગુપ્તના
C. આનંદના
D. મોગલીપુત્ત તિષ્યના

21. અશોકે કેટલામી બૌદ્ધ ધર્મપરિષદ બોલાવી હતી ?
A. પહેલી B. ત્રીજી C. બીજી D. ચોથી

22. ત્રીજી બૌદ્ધ ધર્મપરિષદ કોના અધ્યક્ષપદે ભરવામાં આવી હતી?
A. સંઘમિત્રાના
B. વસુમિત્રના
C. મોગલીપુત્ત તિષ્યના
D. ઉપગુપ્તના

23. મોર્ય શાસનમાં ખેતી વિભાગના વડાને ક્યા નામથી ઓળખવામાં આવતો?
A. મહાઅક્ષપટલ B. સીતાધ્યક્ષ C. મુદ્રાધ્યક્ષ D. પણ્યાધ્યક્ષ

24. ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયા જિલ્લામાં આવેલો છે ?
A. અમરેલી B. જૂનાગઢ C. સુરેન્દ્રનગર D. રાજકોટ

25. ચાણક્ય કયા વિષયમાં નિપુણ હતા?
A. અર્થશાસ્ત્રમાં B. તર્કશાસ્ત્રમાં C. સમાજશાસ્ત્રમાં D. માનસશાસ્ત્રમાં

26. ક્યા યુદ્ધમાં વિજય મેળવ્યા પછી સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન થયું ?
A. કૌશામ્બીના B. ઉજ્જૈનના C. તક્ષશિલાના D. કલિંગના

27. અંગ્રેજ શાસનકાળ દરમિયાન ગ્રાન્ડ ટ્રક રોડનું પુનઃનિર્માણ કોણે કરાવ્યું હતું?
A. વેલેસ્લીએ B. ડફરિને C. ડેલહાઉસીએ D. વિલિયમ બૅન્ટિકે

28. ચંદ્રગુપ્તના અવસાન બાદ મગધની ગાદી એ કોણ આવ્યું હતું ?
A. કુણાલ B. દશરથ C. દેવવર્મા D. બિંદુસાર

29. કલિગના ક્યા રાજા સામે અશોકે યુદ્ધ કર્યું હતું ?
A. જયંત સામે B. શશાંક સામે C. દેવવર્મા સામે D. અંભિક સામે

30. અશોકના પિતાનું નામ શું હતું?
A. બિંબિસાર. B. બિંદુસાર C. ચંદ્રગુપ્ત મૌર્ય D. અજાતશત્રુ

31. મોર્ય શાસનમાં વહીવટીતંત્રનું નાનામાં નાનું એકમ કયુ હતું ?
A. આહાર B. સંગ્રહણ C. ગોપ D. ગ્રામ



BHAVDIP VADHER

32. મૌર્યવંશનો અંતિમ શાસક કોણ હતું?
    A. સંપ્રતિ B. બૃહદ્રથ C. જેલોક D. કુણાલ
33. સારનાથના વિશાળ સ્તંભ પર આવેલી ચાર સિંહની આકૃતિને ભારતે શાના પ્રતીક તરીકે સ્વીકારેલ છે ?
    A. રાષ્ટ્રીય પ્રાણીના
    B. રાષ્ટ્રીય મુદ્રાના
    C. રાષ્ટ્રીય ફૂલના
    D. રાષ્ટ્રીય ગીતના
34. વર્તમાન સમયનું ઓડિશા મૌર્યવંશમાં ક્યા રાજ્ય તરીકે ઓળખાતું હતું ?
    A. બિહાર B. અવંતિ C. કલિંગ D. ચેદી
35. અહીં આપેલ '▯' અક્ષર કઈ લિપિનો છે ?
    A. બાંગ્લા
    B. મલયાલમ્
    C. પ્રારંભિક બ્રાહ્મી
    D. દેવનાગરી (હિન્દી),
36. મૌર્ય શાસનવ્યવસ્થામાં સમ્રાટ ક્યું પદ ભોગવતો ન હતો ?
    A. વહીવટી વડાનું
    B. મહેસૂલી વડાનું
    C. લશ્કરી વડાનું
    D. ન્યાયતંત્રના વડાનું
37. સમ્રાટ અશોકે ક્યા દેશમાં ધર્મપ્રચારક મંડળો મોકલ્યાં ન હતાં ?
    A. પર્શિયા(ઈરાન)માં
    B. સિલોન(શ્રીલંકા)માં
    C. બ્રહ્મદેશ (મ્યાનમાર)માં
    D. મેસેડોનિયામાં
38. મૌર્ય શાસનના પ્રાદેશિક વહીવટીતંત્રમાં ક્યા ઉપરીનો સમાવેશ થતો નથી ?
    A. રાજુક B. આમીલ C. ગોપ D. ગ્રામણી
39. સમ્રાટ અશોક પછીના મૌર્ય સામ્રાજ્યના શાસકોમાં કોનો સમાવેશ થતો નથી?
    A. કુણાલનો B. સંપ્રતિનો C. દશરથનો D. શ્રીગુપ્તનો

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 20)**

40. સારનાથનો વિશાળ સ્તંભ સમ્રાટ .........દ્વારા નિર્માણ કરવામાં આવ્યો હતો.
41. તક્ષશિલાના આચાર્ય ..........કૌટિલ્ય ગોત્રના હતા.
42. નંદવંશના અંતિમ સમ્રાટ .........ને હરાવીને ચંદ્રગુપ્તે મગધની ગાદી સંભાળી.
43. સૌરાષ્ટ્રમાં .........સુદર્શન તળાવ બંધાવ્યું હતું.
44. પાટલિપુત્રમાં રોકાણ દરમિયાન મૅગેસ્થનિસે............ નામનો ગ્રંથ લખ્યો હતો.
45. . .........નો સ્તંભ ભારતનું રાષ્ટ્રીય પ્રતીક છે.
46. ચંદ્રગુપ્ત મૌર્ય દ્વારા સ્થાપવામાં આવેલું .........ભારતનું પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્ય કહેવાય છે.
47. વર્તમાન સમયમાં ગ્રાન્ડ ટ્રક રોડ દિલ્લીથી.......... સુધીનો રાષ્ટ્રીય ધોરીમાર્ગથી ઓળખાય છે.
48. આચાર્ય વિષ્ણુગુપ્ત .........ના નામે ઓળખાય છે.
49. અશોકના મોટા ભાગના અભિલેખોની લિપિ ................છે.
50. સમ્રાટ અશોકે ................ ધર્મ સ્વીકાર્યો હતો.
51. બૌદ્ધધર્મ અંગીકાર કરી અશોક રાજદ્વારી પુરુષમાંથી ........ અશોક બની ગયો.
52. અશોકના રાજ્યમાં ધર્મખાતાનો ઉપરી (અધિકારી) .......... રહેતો.
53. મૌર્ય વહીવટીતંત્રમાં આહારનો અધિકારી .......... કહેવાતો.

BHAVDIP VADHER

54. મોર્ય પ્રાદેશિક વહીવટીતંત્રમાં પ્રદેશનો અધિકારી ......... કહેવાતો.
55. ગુજરાતનો અશોકનો શિલાલેખ ............ભાષામાં લખાયેલ છે.
56. અશોકે પાટલિપુત્રમાં ..........ના અધ્યક્ષપદે ત્રીજી બૌદ્ધ ધર્મપરિષદ બોલાવી હતી.
57. અશોકે પુત્ર ......અને પુત્રી ...........ને બૌદ્ધ-ધર્મના પ્રચાર માટે સિલોન (શ્રીલંકા) મોકલ્યાં હતાં.
58. અશોકે ...........ધર્મને રાજ્યાશ્રય આપ્યો
59. ચંદ્રગુપ્તના વહીવટીતંત્રના મુખ્યમંત્રી ........ હતા.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 24)**

60. મેગેસ્થનિસ દ્વારા ઇન્ડિકા અને ક્લ્હણ દ્વારા મુદ્રારાક્ષસની રચના કરવામાં આવી હતી.
61. ધમ્મ મહામાત્રનું કાર્ય જૈનધર્મનો પ્રચાર કરી પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું લાવવાનું હતું.
62. બિંદુસારના સમયમાં મગધ મોર્ય સામ્રાજ્યમાંથી સ્વતંત્ર થઈ ગયું.
63. ચંદ્રગુપ્તે પોતાની અંતિમ અવસ્થા શ્રવણ બેલગોડામાં વિતાવી હતી.
64. ગ્રીક રાજા રુદ્રદામાને હરાવીને ચંદ્રગુપ્તે ચાર પ્રદેશો જીત્યાં હતા.
65. અશોકે ઉપગુપ્તના આદેશને અનુસરીને બૌદ્ધધર્મ અંગીકાર કર્યો.
66. ચંદ્રગુપ્તે જીવનનાં છેલ્લાં વર્ષોમાં બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો.
67. ગ્રાન્ડ ટ્રક રોડ (GTR) એશિયા ખંડનો સૌથી જૂનો અને લાંબો મુખ્ય રોડ છે.
68. ગ્રીક રાજા સેલ્યુકસે પોતાની પુત્રી હેલેનાને ચંદ્રગુપ્ત સાથે પરણાવી હતી.
69. સૌરાષ્ટ્રમાં પણ ચંદ્રગુપ્ત મૌર્યના શાસનના આધારો મળ્યા છે.
70. વર્તમાન સમયમાં ગ્રાન્ડ ટ્રક રોડ દિલ્લીથી કન્યાકુમારી સુધીનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે ઓળખાય છે.
71. સમ્રાટ અશોકને રાજગાદી મેળવવા સાવકા ભાઈઓ સાથે સંઘર્ષ કરવો પડ્યો હતો.
72. અશોક શિલાલેખો દ્વારા પોતાનો સંદેશો પ્રજા સુધી પહોંચાડ્યો હતો.
73. ગુજરાતના અશોકના શિલાલેખમાં પાંચ રાજવીઓના લેખ છે.
74. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં વહીવટીતંત્રના ત્રણ વિભાગો હતા.
75. મૌર્ય સામ્રાજ્યના વહીવટીતંત્રનો નાનામાં નાનો એકમ આહાર હતો.
76. સારનાથનો સિંહસ્તંભ ચંદ્રગુપ્ત મૌર્યે બંધાવ્યો હતો.
77. આપણા દેશની દરેક ચલણી નોટ અને સિક્કા પર સારનાથના સિંહસ્તંભનું ચિત્ર હોય છે.
78. સમ્રાટ અશોક મગધ સામ્રાજ્યનો સ્થાપક હતો.
79. કલિંગનું રાજ્ય દક્ષિણ ભારતમાં હતું.
80. કલિંગ પર મેળવેલા વિજયમાં સમ્રાટ અશોક પોતાની સામે જ હારી ગયો.
81. બૌદ્ધ સાધુ સમુદ્રગુપ્તના ઉપદેશથી સમ્રાટ અશોકે શસ્ત્ર-સંન્યાસ લીધો.
82. સમ્રાટ અશોકે બૌદ્ધધર્મના પ્રચાર માટે દેશભરમાં પ્રવાસ કર્યો.
83. સમ્રાટ અશોકના પિતાનું નામ બિંદસાર હતું.

**➽ જોડકા જોડો** **(Marks - 5)**

84. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | અર્થશાસ્ત્ર | (1) બૌદ્ધગ્રંથો |
| 2. | મુદ્રારાક્ષસ | (2) અશ્વઘોષ |
| 3. | ઇન્ડિકા | (3) વિશાખદત્ત |
| 4. | દીપવંશ અને મહાવંશ | (4) મેગેસ્થનિસ |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 23)**



BHAVDIP VADHER

85. મૌર્ય સામ્રાજયને વહીવટી સરળતા ખાતર કેટલા વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું?
86. અશોકે ગૌતમ બુદ્ધના કયા કયા સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મૂક્યો ?
87. ચંદ્રગુપ્ત મૌર્યે ગ્રીક રાજા સેલ્યુકસને હરાવી કયા કયા પ્રદેશો જીત્યા હતા?
88. 'અર્થશાસ્ત્ર' ગ્રંથમાંથી મૌર્ય સામ્રાજ્યની કઈ માહિતી મળે છે?
89. મેગેસ્થનિસના ગ્રંથ 'ઇન્ડિકા'માંથી કઈ આધારભૂત જાણકારી મળે છે ?
90. ચંદ્રગુપ્ત મૌર્યે બનાવેલા ગ્રાન્ડ ટ્રક રોડનો વિસ્તાર જણાવો.
91. મુઘલ કાળમાં કયા શાસકે ગ્રાન્ડ ટ્રક રોડનું પુનઃનિર્માણ કરાવ્યું હતું ?
92. વર્તમાન સમયમાં ગ્રાન્ડ ટ્રક રોડ કયા નામે ઓળખાય છે?
93. બિંદુસારના સમયમાં તક્ષશિલાનો બળવો કોણે દબાવ્યો હતો?
94. પિતાના અવસાન પછી અશોકને રાજગાદી સંભાળતાં કેટલો સમય લાગ્યો હતો? શા માટે?
95. આધુનિક ભારતની મોટા ભાગની લિપિઓ કઈ લિપિમાંથી વિકસી છે?
96. ગુજરાતમાં અશોકનો શિલાલેખ ક્યાં આવેલો છે ?
97. અશોકના શિલાલેખમાં કયા ત્રણ રાજવીઓના લેખ છે ?
98. અશોકના શાસનમાં ધર્મખાતાના ઉપરી (અધિકારી)ની શી ભૂમિકા હતી ?
99. સમ્રાટ અશોકે ભગવાન બુદ્ધના કયા સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મૂક્યો?
100. અશોકે કોના અધ્યક્ષપદે ત્રીજી બૌદ્ધ પરિષદ બોલાવી હતી? એ પરિષદનો મુખ્ય હેતુ શો હતો ?
101. સમ્રાટ અશોકે ભારતનાં કયાં કયાં રાજ્યોમાં બૌદ્ધ-ધર્મનો પ્રચાર કર્યો હતો?
102. સમ્રાટ અશોકે કયા કયા દેશોમાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો હતો?
103. વિશાળ મૌર્ય સામ્રાજ્યનો વ્યવસ્થિત વહીવટ ચલાવવા માટેનું આયોજન કોણે કર્યું હતું?
104. મૌર્ય સામ્રાજ્યમાં વહીવટી તંત્રના કેટલા વિભાગો હતા ? કયા કયા ?
105. મૌર્ય સામ્રાજ્યના વહીવટી તંત્રમાં સમ્રાટની કઈ ભૂમિકા હતી?
106. મૌર્ય શાસનમાં ગામનો વહીવટ કોણ કરતું હતું ?
107. મૌર્ય શાસનમાં રાષ્ટ્રીય (રાજયપાલ)નું મુખ્ય કાર્ય કયું હતું ?

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 30)**

108. સમ્રાટ અશોકનું વિશાળ સામ્રાજ્ય ક્યાં સુધી ફેલાયેલું હતું?
109. સેલ્યુકસ નિકેતર સાથેના યુદ્ધ બાદ કયાં પરિણામો આવ્યાં?
110. રાષ્ટ્રીય તરીકે નિમાયેલ અધિકારીનાં કાર્યો જણાવો.
111. મૌર્યવંશની જાણકારી મેળવવાના સ્ત્રોત જણાવો.
112. બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશની સમ્રાટ અશોક પર શી અસરો થઈ ?
113. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યનું સામ્રાજ્ય ક્યાં સુધી ફેલાયેલું હતું?
114. સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન કયાં કારણોસર થયું?
115. ગુજરાતમાં આવેલા અશોકના શિલાલેખોની માહિતી આપો.
116. સમ્રાટ અશોકે બૌદ્ધધર્મના પ્રચાર માટે શું કર્યું?
117. સમ્રાટ અશોક ઇતિહાસમાં એક મહાન રાજા શાથી કહેવાય છે?
118. કારણો આપો : સમ્રાટ અશોક ઇતિહાસમાં એક મહાન રાજવી કહેવાય છે.
119. મૌર્યવંશનું પતન કેવી રીતે થયું ?
120. ટૂંક નોંધ લખો : મૌર્યવંશનો સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્ય
121. ટૂંક નોંધ લખો : ગ્રાન્ડ ટ્રક રોડ
122. ટૂંક નોંધ લખો : મૌર્યયુગનું વહીવટી તંત્ર

BHAVDIP VADHER

## Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 6

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 131

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 39)

1. ગુરુ ચાણક્યના
2. અર્થશાસ્ત્ર
3. અવંતિ
4. સિલોન
5. પ્રાકૃત
6. ઈ. સ. પૂર્વે 321થી ઈ. સ. પૂર્વે 297
7. ‘મેઘદૂત'નો
8. સેલ્યુક્સને
9. કૌટિલ્ય
10. મૅગેસ્થનિસ
11. ઇન્ડિકામાંથી
12. પુષ્યગુપ્તની
13. સુદર્શન તળાવનું
14. ભદ્રબાહુ
15. શ્રવણ બેલગોડા
16. વિશાખદત્તે
17. ગ્રાન્ડ ટ્રંક રોડ
18. શેરશાહ સૂરીએ
19. અશોકની
20. ઉપગુપ્તના
21. ત્રીજી
22. મોગલીપુત્ત તિષ્યના
23. સીતાધ્યક્ષ
24. જૂનાગઢ
25. અર્થશાસ્ત્રમાં
26. કલિંગના
27. ડેલહાઉસીએ
28. બિંદુસાર
29. જયંત સામે
30. બિંદુસાર
31. ગ્રામ
32. બૃહદ્રથ
33. રાષ્ટ્રીય મુદ્રાના

BHAVDIP VADHER

34. કલિંગ
35. દેવનાગરી (હિન્દી),
36. મહેસૂલી વડાનું
37. પર્શિયા(ઈરાન)માં
38. આમીલ
39. શ્રીગુપ્તનો

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 20)

40. અશોક
41. વિષ્ણુગુપ્ત
42. ધનનંદ
43. પુષ્યગુપ્ત
44. 'ઇન્ડિકા'
45. સારનાથ
46. મૌર્ય સામ્રાજ્ય
47. કોલકાતા
48. ચાણક્ય
49. બ્રાહ્મી
50. બૌદ્ધ
51. ધર્માનુરાગી
52. ધમ્મ મહામાત્ર
53. રાજુક
54. પ્રાદેશિક
55. પ્રાકૃત
56. મોગલીપુત્ત તિષ્ય (તિસ્સા)
57. મહેન્દ્ર, સંઘમિત્રા
58. બૌદ્ધ
59. વિષ્ણુગુપ્ત(ચાણક્ય)

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 24)

60. ખોટું (False)
61. ખોટું (False)
62. ખોટું (False)
63. ખરું (True)
64. ખરું (True)
65. ખરું (True)
66. ખોટું (False)
67. ખરું (True)
68. ખરું (True)
69. ખરું (True)
70. ખોટું (False)


BHAVDIP VADHER

71. ખરું (True)

72. ખરું (True)

73. ખોટું (False)

74. ખરું (True)

75. ખોટું (False)

76. ખોટું (False)

77. ખરું (True)

78. ખોટું (False)

79. ખોટું (False)

80. ખરું (True)

81. ખોટું (False)

82. ખરું (True)

83. ખરું (True)

**➽ જોડકા જોડો** **(Marks - 5)**

84. (1 - 5), (2 -3), (3 - 4), (4 - 1).

**SECTION - B**

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 23)**

85. મોર્ય સામ્રાજ્યને વહીવટી સરળતા ખાતર ત્રણ વિભાગો-(અંગો) માં વહેંચવામાં આવ્યું હતું.

86. અશોકે ગોતમ બુદ્ધનાં પ્રેમ, દયા, કરુણા, અહિંસા, સદાચાર, અનુકંપા વગેરે સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મુક્યો દેતો.

87. ચંદ્રગુપ્ત મૌર્યે ગ્રીક રાજા સેલ્યુકસને હરાવી આ ચાર પ્રદેશો જીત્યા હતા : (1) કાબુલ, (2 ) કંદહાર, (3) હેરાત અને (4) બલુચિસ્તાન.

88. 'અર્થશાસ્ત્ર' ગ્રંથમાંથી મૌર્ય સામ્રાજ્યની રાજકીય, આર્થિક અને સામાજિક જીવનની માહિતી મળે છે.

89. મૅગેસ્થનિસના ગ્રંથ 'ઇન્ડિકા'માંથી મગધ સામ્રાજ્યના નગર અને એના વહીવટને લગતી અગત્યની અને આધારભૂત જાણકારી મળે છે.

90. ચંદ્રગુપ્ત મોર્યે બનાવેલો ગ્રાન્ડ ટ્રંક રોડ એશિયા ખંડનો સૌથી જૂનો અને લાંબો મુખ્ય રોડ છે. તે તામ્રલિપીથી તક્ષશિલા અને તક્ષશિલાથી મધ્ય એશિયાને જોડતો હતો.

91. મુધલ કાળમાં સૂરીવંશના શાસક શેરશાહે ગ્રાન્ડ ટ્રક રોડનું પુનઃનિર્માણ કરાવ્યું હતું

92. વર્તમાન સમયમાં ગ્રાન્ડ ટ્રક રોડ દિલ્લીથી કોલકાતા સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે ઓળખાય છે.

93. બિંદુસારના સમયમાં તક્ષશિલાનો બળવો અશોકે દબાવ્યો હતો.

94. પિતાના અવસાન પછી અશોકને રાજગાદી સંભાળતાં ચાર વર્ષ જેટલો સમય લાગ્યો હતો. કારણ કે અશોકને મોટા ભાઈ સુશીમ અને બીજા સાવકા ભાઈઓ સાથે સંઘર્ષ કરવો પડ્યો હતો.

95. આધુનિક ભારતની મોટા ભાગની લિપિઓ બ્રાહ્મી લિપિમાંથી વિકસી છે.

96. ગુજરાતમાં અશોકનો શિલાલેખ જૂનાગઢમાં ગિરનાર પર્વત તરફ જતા રસ્તામાં તળેટીમાં દામોદર કુંડ પાસે આવેલો છે.

97. અશોકના શિલાલેખમાં આ ત્રણ રાજવીઓના લેખ છે : (1) મહાક્ષત્રપ રુદ્રદામાનો, (2) ચંદ્રગુપ્ત મૌર્યના રાષ્ટ્રીય પુષ્યગુપ્તનો અને (3) અશોકના રાષ્ટ્રીય યવનરાજનો.

98. અશોકના શાસનમાં ધર્મખાતાના ઉપરી (અધિકારી) એ પ્રજામાં બૌદ્ધધર્મનો પ્રચાર કરી તેમનું નૈતિક ધોરણું ઊંચું લાવવાની કામગીરી કરવાની હતી.

99. સમ્રાટ અશોકે ભગવાન બુદ્ધના પ્રેમ, દયા, કરુણા,અહિંસા, અનુકંપા અને સદાચાર વગેરે સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મૂક્યો.

100. અશોકે મોગલીપુત્ત તિષ્ય(તિરસા)ના અધ્યક્ષપદે ત્રીજી બૌદ્ધ પરિષદ બોલાવી હતી. પાટલિપુત્રમાં ભરાયેલી આ બોદ્ધ પરિષદનો મુખ્ય હેતુ બૌદ્ધધર્મમાં ઊભા થયેલા મતમતાંતરો દૂર કરી ધર્મમાં ધાર્મિક એકતા સ્થાપવાનો હતો.

BHAVDIP VADHER

101. સમ્રાટ અશોકે ભારતનાં કશ્મીર, પાંડ્ય, ચોલ, કેરલ અને ગાંધાર રાજ્યોમાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો હતો.

102. સમ્રાટ અશોકે બ્રહ્મદેશ (મ્યાનમાર), સિલોન (શ્રીલંકા), સિરિયા, ઇજિપ્ત, મેસેડોનિયા વગેરે દેશોમાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો હતો.

103. વિશાળ મૌર્ય સામ્રાજ્યના વિભાગે પાડી આદર્શ રાજ્ય-વહીવટ કરવા માટેનું આયોજન ચંદ્રગુપ્તના મુખ્યમંત્રી અને પ્રખર અર્થશાસ્ત્રી રાજનીતિજ્ઞ વિષ્ણુગુપ્ત ચાણક્ય (કૌટિલ્ય) કર્યું હતું.

104. મૌર્ય સામ્રાજ્યમાં વહીવટી તંત્રના આ ત્રણ વિભાગો હતા : (1) કેન્દ્રીય, (2) પ્રાંતીય અને (3) પ્રાદેશિક (સ્થાનિક).

105. મૌર્ય સામ્રાજ્યના વહીવટી તંત્રમાં સમ્રાટ શાસન વ્યવસ્થામાં કેન્દ્ર સ્થાને હતો. તે સામ્રાજ્યનો વહીવટી, લશ્કરી અને ન્યાયતંત્રનો વડો હતો.

106. મૌર્ય શાસનમાં ગામનો ઉપરી ગ્રામસી ગામના ચૂંટાયેલા સભ્યોની સમિતિની મદદથી ગામનો વહીવટ કરતો હતો.

107. મૌર્ય શાસનમાં રાષ્ટ્રીય(રાજ્યપાલ)નું મુખ્ય કાર્ય સમગ્ર પ્રાંતમાં શાંતિ-વ્યવસ્થાની જાળવણી કરવી, કરવેરા ઉઘરાવવા, રાજ્યના આદેશોનું પાલન કરવું તેમજ પ્રાંતમાં બનતા બનાવોથી સમ્રાટને વાકેફ રાખવા વગેરે હતું.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 30)**

108. સમ્રાટ અશોકનું વિશાળ સામ્રાજ્ય વાયવ્ય સરહદે કંદહાર અને પેશાવર, ઉત્તરમાં નેપાલ, દક્ષિણે મૈસૂર (હાલનું કર્ણાટક), પશ્ચિમે ગુજરાત-સૌરાષ્ટ્ર અને પૂર્વમાં મગધ તેમજ કલિંગ (હાલનું ઓડિશા) સુધી ફેલાયેલું હતું.

109. સેલ્યુક્સ નિકેતર સાથેના યુદ્ધ બાદ, ચંદ્રગુપ્તને વિજય મળતાં ચાર પ્રદેશો મળયા. ચંદ્રગુપ્તની બહાદુરી જોઇને સેલ્યુકસ નિકેતરે પોતાની પુત્રી હેલેનાને તેની સાથે પરણાવી.સેલ્યુક્સે પોતાનો રાજદૂત ચંદ્રગુપ્તના દરબાર માં મોકલ્યો, આમ, સેલ્યુક્સ સાથે યુદ્ધ બાદ ભારત અને ગરીક વચ્ચે રાજદ્વારી સંબંધો વિકયા.

110. રાષ્ટ્રીય તરીકે નિમાયેલું અધિકારીનાં કર્યો આ મુજબ છે : (1) સમગ્ર પ્રાંતમાં શાંતિ-વ્યવસ્થાની જાળવણી કરવી.(2) કરવેરા ઉઘરાવવો. (3) રાજાના આદેશોનું પાલન નય (4) પ્રાંતમાં બનતા બનાવોથી સમ્રાટ(કેન્દ્ર)ને સતત વાકેફ કરતાં રહેવું.

111. મોર્યવંશની જાણકારી મેળવવાના સ્રોત આ મુજબ છે : ( 1) કૌટિલ્યુક્ત અર્થશાસ્ત્ર, (2) મૅગેસ્થનિસનો ગ્રંથ ઇન્ડિકા, (3) દીપવંશ અને મહાવંશ જેવા બૌદ્ધગ્રંથો, (4) વિશાખદત્તનું મુદ્રારાક્ષસ નાટક અને ( 5 ) મૌર્ય સમ્રાટોએ કોતરાવેલ શિલાલેખો,સ્તંભલેખો, સ્તૂપો અને વિહારો વગેરે.

112. બોદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી સમ્રાટ અશોકે શસ્ત્ર- સંન્યાસ લીધો. તેણે ભવિષ્યમાં કદી યુદ્ધ ન કરવાનો નિર્ણય કર્યો.બૌદ્ધધર્મ અંગીકાર કરી તે રાજદ્વારીમાંથી ધર્માનુરાગી બની ગયો. બોદ્ધધર્મના પ્રચાર-પ્રસાર માટે તેણે શિલાલેખો, મઠો, વિહારો, તૂપો વગેરે બંધાવ્યાં.

113. સમ્રાટ ચંદ્રગુપ્તનું સામ્રાજ્ય ઉત્તરમાં પેશાવરથી લઈને છેક કંદહાર સુધી હતું. પૂર્વમાં બંગાળા અને પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્ર સુધી અને દક્ષિણ ભારતમાં કોંકણ, મહારાષ્ટ્ર અને કર્ણાટક સુધી ફેલાયેલું હતું.

114. કલિંગ(ઓડિશા)ના યુદ્ધનાં પરિણામો જોઈને સમ્રાટ અશોકના હૃદયમાં અત્યંત દુ:ખ થયું. તેના વિજયનો આનંદ ઊડી ગયો. તેના મનની શાંતિ ચાલી ગઈ. અનેક રાતો તે ઊંઘી શક્યો નહિ. તેને ઘણો સંતાપ અને પશ્ચાત્તાપ થયાં. તેને સમજાયું કે યુદ્ધમાં મેળવેલો વિજય એ સાચો વિજય નથી. આટલા બધા માણસોને મારીને મેં શું મેળવ્યું? લાખો સ્ત્રીઓ અને બાળકોના નિસાસા જ ને? એ સમયે બોદ્ધ સાધુ ઉપગુપ્ત સમ્રાટ અશોકને સત્ય, અહિંસા, કરુણા અને સદાચરણનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશથી તેને અપાર શાંતિ મળી. પરિણામે સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન થયું.

115. ગુજરાતના જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં અશોકનો શિલાલેખ આવેલો છે. તે પ્રાકૃત ભાષામાં લખાયેલ છે. અશોકના આ શિલાલેખમાં અન્ય ત્રણ રાજવીઓના લેખો છે. તેમાં એક ક્ષત્રપવંશના રાજા મહાક્ષત્રપ રુદ્રદામાનો લેખ છે. બીજા લેખમાં ચંદ્રગુપ્તના રાષ્ટ્રીય પુષ્પગુપ્ત દ્વારા નિર્માણ કરવામાં આવેલ સુદર્શન તળાવ વિશે અને ત્રીજા લેખમાં અશોકના રાષ્ટ્રીય યવનરાજ દ્વારા સિંચાઈ માટે નહેરો કાઢવાની વિગતો આપવામાં આવી છે,

116. સમ્રાટ અશોકે બૌદ્ધધર્મના પ્રચાર માટે આ કાર્યો કર્યા : (1) તે દેશભરમાં ફર્યાં. ( 2 ) તેણે તેના અધિકારીઓને બૌદ્ધધર્મનો ઉપદેશ આપવા આજ્ઞા આપી. (3) તે બૌદ્ધધર્મના પ્રચાર માટે તેના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને સિલોન (શ્રીલંકા) મોકલ્યાં. (4) તેણે દેશમાં શિકાર કરવા પર પ્રતિબંધ મૂક્યો. (5) તેણે યજ્ઞોમાં થતી પશુહિંસા બંધ કરાવી, ( 6) તેણે બૌદ્ધધર્મનો ઉપદેશ લોકો સુધી પહોંચાડવા ઠેર ઠેર શિલાલેખો કોતરાવ્યા. (7) તેણે દેશવિદેશમાં બૌદ્ધ સાધુઓને રહેવા માટે વિહારો અને મઠો તથા પૂજા માટે પો બંધાવ્યા. (8) રાજ્યમાં ધર્મખાતાની રચના કરી પ્રજાનું નૈતિક મૂલ્ય ઊંચું લાવવાનું કાર્ય કર્યું.

117. સમ્રાટ અશોકે ખટપટો કરી રાજ્ય મેળવ્યું અને તેનો વિસ્તાર કર્યો. તેણે મહાસામ્રાજ્યનું નિર્માણ કર્યું. કલિંગ (ઓડિશા) પર વિજય મેળવવાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા તેણે તેના પર આક્રમણ કરી વિજય મેળવ્યો. પરંતુ યુદ્ધભૂમિ પર થયેલા લોહિયાળ હત્યાકાંડને જોઈને તેને ઘણો સંતાપ અને પશ્ચાત્તાપ થયાં. તેનું હૃદયપરિવર્તન થયું. તેણે ભવિષ્યમાં કદી યુદ્ધ ન કરવાનો નિર્ણય કર્યો. તે ધમપદેશક બની ગયો. વિજેતા બન્યા પછી હંમેશને માટે શસ્ત્રો હેઠાં મૂકી દઈ બૌદ્ધધર્મનાં મૂલ્યોને અનુસરીને તેનો પ્રચાર કરનાર અશોક જેવો બીજો કોઈ રાજા જગતમાં થયો નથી. તેથી સમ્રાટ અશોક ઇતિહાસમાં એક મહાન રાજા કહેવાય છે.

118. સમ્રાટ અશોકે ખટપટો કરી રાજ્ય મેળવ્યું અને તેનો વિસ્તાર કર્યો. તેણે મહાસામ્રાજ્યનું નિર્માણ કર્યું. કલિંગ (ઓડિશા) પર વિજય મેળવવાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા તેણે તેના પર આક્રમણ કરી વિજય મેળવ્યો. પરંતુ યુદ્ધભૂમિ પર થયેલા લોહિયાળ હત્યાકાંડને જોઈને તેને ઘણો સંતાપ અને પશ્ચાત્તાપ થયાં. તેનું હૃદયપરિવર્તન થયું. તેણે ભવિષ્યમાં કદી યુદ્ધ ન કરવાનો નિર્ણય કર્યો. તે ધમપદેશક બની ગયો. વિજેતા બન્યા પછી હંમેશને માટે શસ્ત્રો હેઠાં મૂકી દઈ બૌદ્ધધર્મનાં મૂલ્યોને અનુસરીને તેનો પ્રચાર કરનાર અશોક જેવો બીજો કોઈ રાજા જગતમાં થયો નથી. તેથી સમ્રાટ અશોક ઇતિહાસમાં એક મહાન રાજા કહેવાય છે.

119. એક સમયે સમગ્ર ભારતમાં મૌર્ય સામ્રાજ્ય ફેલાયેલું હતું. જૈન અને બૌદ્ધગ્રંથોમાંથી મળેલી માહિતી અનુસાર મૌર્યવંશનાં રાજાઓનું શાસન 137 વર્ષ સુધી ચાલ્યું હતું. અશોક પછીના શાસકો સબળ ન હતા. મૌર્યવંશના અંતિમ રાજા બૃહદ્રથની પકડ પ્રજા કે સેના ઉપર ન હતી. તેના નિર્મળ શાસનનો લાભ લઈ તેના જ સેનાપતિ પુષ્યમિત્ર શૃંગે લશ્કરી કવાયત જોવાના બહાને તેની હત્યા કરી હતી. આમ, મોર્યવંશના છેલ્લા શાસકનો ન આવ્યો અને ઈ. સ. પૂર્વે 185માં ભારતમાં શૃંગવંશની સ્થાપના થઈ.

120. કૌટિલ્ય ગોત્રના આચાર્ય વિષ્ણુગુપ્ત તક્ષશિલાના પાંખને તક્ષશિલા લઈ જઈને શસ્ત્ર અને શાસ્ત્રોની તાલીમ આપી.વિષ્ણુગુપ્તની તાલીમ અને માર્ગદર્શનથી ચંદ્રગુપ્ત મૌર્યે ઈ. સ. પૂર્વે 91માં નંદવંશના અંતિમ શાસક ધનનંદને હરાવીને મગધુ પર મૌર્યવંશની સ્થાપના કરી. તેણે ગ્રીક રાજા સેલ્યુક્સ નિકેતરને રાવી ચાર પ્રદેશો જીત્યા. ચંદ્રગુપ્તની બહાદુરીથી પ્રભાવિત થઈ સેલ્યુક્સે પોતાની પુત્રી હેલેનાને ચંદ્રગુપ્ત સાથે પરણાવી હતી. ચંદ્રગુપ્ત લગભગ સમગ્ર ભારતમાં સાર્વભૌમ સત્તા સ્થાપી હતી.ચંદ્રગુપ્ત જીવનનો અંતિમ સમયે શ્રવણ બેલગોડા (કર્ણાટક)માં જૈનમનિ ભદ્રબાહુ સાથે વિતાવ્યો હતો. ભારતમાં સૌપ્રથમ સામ્રાજ્ય થાપનાર ચંદ્રગુપ્ત મૌર્યે મગધની ગાદી પર 24 વર્ષ સુધી શાસનકર્યું હતું.

121. વર્તમાન સમયમાં ચતુર્ભુજ બનાવવામાં આવતા રાષ્ટ્રીય ધોરીમાર્ગના પાયામાં મૌર્યયુગમાં બનાવવામાં આવેલો ગ્રાન્ડ ટ્રક રોડ છે. તે એશિયા ખંડનો સૌથી જૂનો અને લાંબો રોડ છે. ગ્રાન્ડ ટ્રક રોડ(GTR)નું બાંધકામ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં થયું હતું.તે સમયે આ રોડ તામ્રલિપ્તિથી તક્ષશિલા અને તક્ષશિલાથી મધ્ય એશિયાને જોડતો હતો. એટલે કે, તે ગંગાના મેદાનથી ગંધાર સુધી જતો હતો. આ રોડનું પુનઃનિર્માણ મુઘલ સમયમાં શેરશાહ સૂરીએ કરાવ્યું હતું. અંગ્રેજ શાસનકાળ દરમિયાન ગવર્નર જનરલ ડેલહાઉસીએ કોલકાતાથી પૈશાવર સુધી આ રોડનું પુનઃનિર્માણ કરાવ્યું હતું.

122. મૌર્યયુગમાં વહીવટી તંત્રના ત્રણ વિભાગો હતા : (1) કેન્દ્રીય, (2) પ્રાંતીય અને ( 3 ) પ્રાદેશિક, કેન્દ્રીય વહીવટી તંત્રમાં સમ્રાટ શાસનવ્યવસ્થામાં કેન્દ્રસ્થાને હતો, તે સામ્રાજ્યનો વહીવટી, લશ્કરી અને ન્યાયતંત્રનો વડો હતો. ચાણક્ય મૌર્યયુગનો વહીવટ કુલ 18 ખાતાંમાં દર્શાવ્યો છે. પ્રાંતીય વહીવટી તંત્રને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પ્રાંતના વડા તરીકે રાજ્યપાલ હતો. પ્રાદેશિક વહીવટી તંત્રમાં પ્રાંતને આહાર અને આહારને પ્રદેશમાં વહેંચવામાં આવ્યો હતો. વહીવટી તંત્રનું નાનામાં નાનું એકમ ગ્રામ હતું. ગ્રામનો વહીવટ ગામના ચૂંટાયેલા સભ્યોની સમિતિની મદદથી ગ્રામણી કરતો હતો. મૌર્ય સામ્રાજ્યના વહીવટી તંત્રમાં ખેતી વિભાગનો ઉપરી સીતાધ્યક્ષ અને લશ્કરખાતાનો વડો સેનાની તરીકે ઓળખાતો હતો.

BHAVDIP VADHER